SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-1, January to March : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ભારતમાં ૨૦૪૭ સુધીભારતમાં કૃષિક્ષેત્રનું યોગદાન અને કૃષિ વેચાણવ્યવસ્થા

ભુપેન્દ્રભાઈ. એલ. ગમારા
વિષય :અર્થશાસ્ત્ર
અર્થશાસ્ત્ર વિભાગ,ગુજરાત યુનિવસિટી ,અમદાવાદ

- **સારંશ:-**

*ભારત એક કૃષિ પ્રધાન દેશ છે, જ્યાં મોટાભાગની વસ્તી કૃષિ પર નિર્ભર છે. ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના લક્ષ્યને શક્ય કરવા માટે કૃષિક્ષેત્રની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છેસમગ્ર રાષ્ટ્રના અર્થતંત્રમાં કૃષિક્ષેત્ર આગવું સ્થાન ધરાવે છે. અર્થતંત્રમાં વિકાસનું સૌથી અગત્યનું નિર્દેશક ઉત્પાદન ગણાય છે ભારતીય અર્થતંત્ર માં જુદા જુદા પાકોનું ઉત્પાદન અને વેચાણ થાય છે. કૃષિક્ષેત્ર વેચાણ વ્યવસ્થા અને કૃષિ અંગેની આંતરમાળખાકીય સગવડો તપાસવી? કૃષિક્ષેત્રેનું GDP માં યોગદાનઃ 2047 સુધીમાં કૃષિ GDP નું યોગદાન ઓછું થવાની શક્યતા છે, કેમ કે અન્ય સેક્ટર જેવા કે ટેક્નોલોજી અને સેવા ક્ષેત્રનો વિકાસ થાય છે, પરંતુ કૃષિ ક્ષેત્ર હજુ પણ મોટા પાયે રોજગાર આપતો ક્ષેત્ર છે. પ્રાકૃતિક સંસાધનો અને પર્યાવરણ સંરક્ષણઃ નાની ખેતીમાં ટેક્નોલોજીનો ઉપયોગ અને સુસ્થિર ખેતી પદ્ધતિઓનું લાભ મળશે, જે પર્યાવરણ પર હાનિકારક અસરને ઘટાડશે.ડિજિટલ કૃષિઃ 2047 સુધીમાં કૃષિનું સ્વરૂપ મોટાભાગે ડિજિટલ અને ટેક્નોલોજી તરફ વાળવામાં આવશે. કૃષિ સહિત વિવિધ કામગીરીમાં Internet of Things), Artificial Intelligenceઅને મશીન લર્નિંગના ઉપયોગ સાથે ખેડૂતોને વધારે ફાયદો મળશે.. **બજારનું વિસ્તરણઅને ઈ –કોમર્સ પ્લેટફોર્મથીઃ** 2047 સુધીમાં, ખેડૂતો માટે વેપાર અને વેચાણ વધારે થશે . મોબાઈલ એપ્લિકેશન્સ અને ઓનલાઈન માર્કેટિંગ દ્વારા ખેડૂતો પોતાના ઉત્પાદનને સીધા ગ્રાહકો સુધી પહોંચાડી શકાયભારતની કૃષિ ઉત્પાદનોનું વૈશ્વિક બજારમાં વેચાણ 2047 સુધીમાં વધશે, માટે કૃષિ સેક્ટર કાચા માલથી લઈને પ્રોડક્ટ સુધીના તમામ ક્ષેત્રોમાં વધુ ઉત્પાદન અને ગુણવત્તાની વિશેષતા આવશે. **એક્સપોર્ટ અને ઇમ્પોર્ટમાં સુંધારા** અન્ય પ્રોસેસ્ડ ઉત્પાદનોના નિકાસ માટે નવતર નીતિઓ, પ્રોસેસ અને સેવાઓનો ઉપયોગમાં વધારો થશે*

- ચાવીરૂપ શબ્દો:-

*ભારતમાં કૃષિક્ષેત્રે નું મહત્વ અને યોગદાન, કૃષિ વેચાણવ્યવસ્થા, ખેતપેદાશના વિવિધ પાકો, આંતર માળખાકીય સગવડો..*

**1.પ્રસ્તાવના :**

ભારત ખેતી પ્રધાન દેશ છે. ભારતીય અર્થતંત્રમાં સેવાક્ષેત્ર અને ઉદ્યોગક્ષેત્ર કરતા ખેતી ક્ષેત્રનું મહત્વ વધારે રહેલું છે. ભારતમાં કુલ વસ્તીના 69% વસ્તી ખેતી ક્ષેત્રેમાં જોડાયલી છે.ખેતીક્ષેત્ર એ નિકાસ દ્વારા વિદેશી હુંડીયામણ કમાવી આપવામાં આવે છે. ખેતીક્ષેત્ર એ ઉદ્યોગ ને કાચો માલ પૂરો પડે છે ટુકમાં ખેતી ક્ષેત્ર ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ સમાન છે ખેતી ક્ષેત્ર વગર ઝડપી આર્થિક વિકાસ સાધી ન શકાય બીજી પંચવર્ષીય યોજનામાં ખેતીક્ષેત્રનું મહત્વ આપવામાં આવ્યુંઆઝાદી 1950-51માં ખેતી ક્ષેત્રનો વિકાસ દર 3 થી ૩.5 જેટલો હતો અને કુલ રાષ્ટીય આવકમાં ખેતી ક્ષેત્રનો ફાળો હાલમાં 23 % જેટલો છે આમ એક બાજુ કૃષિક્ષેત્રે ભારતીય અર્થતંત્રનું આધારસ્થંભ ગણાય છે તો બીજી બાજુ કૃષિક્ષેત્રે અનેક આર્થિક સમસ્યાનો સામનો કરે છે ભારતના જનરલ સર્વે ના અંદાજ પ્રમાણે ભારતમાં કુલ જમીન વિસ્તાર 80.69 કરોડ એકરનો છે જેમાં 90 % વિસ્તારમાં ખેડાણ હેઠળ છે ભારતની કુલ જમીન માં 52 .7 % ખેતી ક્ષેત્રમાં રોક્યેલી છે. ભારતમાં ખેતી ક્ષેત્ર રોક્યેલ જમીનનું પ્રમાણ 19 .05 % કરોડ હેકટર હતું. આમઆધુનિક સમયમાં કૃષિક્ષેત્ર ખેત ઉત્પાદનના ક્ષેત્ર અને ખેત પેદાશોના રુપાંતર કાર્ય સાથે જોડયેલ ઉદ્યોગનો પણ સમાવેશ થાય છે. બિયારણ, ખાતર, ધિરાણ, પાકનો વીમો,બળતણ ઓજારો, જંતુનાસક દવાઓ વગરેનો કૃષિ ક્ષેત્ર સાથે જોડાયેલ છે ગુજરાતમાં ખેત પેદાશોની વેચાણ વ્યવસ્થા ઘણી સુદ્રઢ થવા છતાં હજુ અનિયંત્રિત વેચાણ વ્યવસ્થા જોવા મળે છે. જે ખેડૂતોને પોષણક્ષમ ભાવો મેળવવામાં હોય છે. સહકારી બજાર વ્યવસ્થા ધીમે ધીમે નબળી પડતી જાય છે. વેચાણ વ્યવસ્થા

સંબંધિત સગવડો જેવી કે વેરહાઉસ અને સંગ્રહની અપૂરતી સગવડતા જોવ મળે છે. ગુજરાત રાજ્યમાં ખેતીક્ષેત્ર ફાળો વધારે હતો પણ દિવસે દિવસે તેમાં ઘટાડો થાય છે. ગુજરાતમાં કૃષિક્ષેત્રે ફાળો 1971માં 48% હતો. જે 2001 -02 ઘટીને 35 % જેટલો થયો.અને ખેતીક્ષેત્રમાં કામ કરતા કામદારો પ્રમાણમાં ઘટડો થયો છે તેમાં 65% થી ઘટીને 56 % થયો છે. તેમ છતાં હજુ મોટા ભાગના કામદારો કૃષિ સબંધી કામો પર આધાર રાખવો પડે છે. આથી ઘણા વર્ષો સુધી કૃષિ ગુજરાતના અર્થતંત્રમાં મહત્વનો ભાગ ભજવે છે, ગુજરાતમાં કૃષિ હેઠળની જમીન 93.90 લાખ હેકટર હતી. તેમાંથી 41.62 % (39.089) લાખ હેકટર જેટલી જમીન માં અનાજ ઉગાડવામાં આવે છે . જેમાં બાજરી નું ઉત્પાદન 20 .08 % જેટલુ છે .કૃષિ હેઠળની જમીનમાં તેલીબીયાં 29 .27 લાખ હેકટર અને અન્ય રોકડીયા પાકો 19.19 લાખ હેકટર જમીન હતી.ત્યારબાદ આખા ભારતમાં ગુજરાત એ એરંડા, તલ, બટાટા, ડુંગળી અને કેળાંમાં પ્રથમ સ્થાન ધરાવે છે. જયારે મગફળી, રાઈ, સરસ્વ, કપાસ, તમાકુ અને ચીકુ આ બધી પાકોનું ઉત્પાદનમાં ગુજરાત બીજા સ્થાન છે.

**1.1.કૃષિક્ષેત્રેનો વિકાસ દર**

| વર્ષ | ભારતનો કૃષિ વિકાસ દર % | ગુજરાતનો કૃષિ વિકાસ દર % |
|---|---|---|
| 2001-02 | 1.7 | 3.50 |
| 2003-04 | 1.7 | 3.98 |
| 2005-06 | 2.36 | 4.03 |
| 2006-07 | 3.10 | 6.38 |
| 2007-08 | 3.2 | 9.6 |
| 2008-09 | 3.8 | 10.97 |
| 2010-11 | 3.9 | 11.63 |

**ખેત નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર .**

**ભારતમાં કૃષિક્ષેત્રે યોગદાન**

ભારત એક કૃષિ પ્રધાન દેશ છે, જ્યાં મોટાભાગની વસ્તી કૃષિ પર નિર્ભર છે. કૃષિક્ષેત્ર ભારતના અર્થતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. આ ક્ષેત્ર ભારતની ખાદ્ય સુરક્ષા, રોજગાર, અને નિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કૃષિક્ષેત્ર ભારતના જીડીપીમાં લૉકડાઉન પહેલા 15.4% યોગદાન આપતું હતું, જે 2022માં ઘટીને 13.6% થયું છે. આ ઘટાડો કૃષિક્ષેત્રમાં ઉત્પાદકતામાં ઘટાડો અને અન્ય ક્ષેત્રોમાં વધારાને કારણે છે. કૃષિક્ષેત્ર ભારતમાં 50% લોકોને રોજગાર આપે છે. આ ક્ષેત્રમાં મોટાભાગના લોકો ગ્રામીણ વિસ્તારોમાં રહે છે અને કૃષિ પર નિર્ભર છે. કૃષિક્ષેત્રમાં રોજગારની તકો વધારવા માટે સરકારે વિવિધ યોજનાઓ શરૂ કરી છે, જેમ કે પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના. ષિક્ષેત્ર ભારતની નિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. ભારત કૃષિ ઉત્પાદનોની નિકાસ કરે છે, જેમ કે ચા, કોફી, મસાલા, અને ફળો. આ નિકાસ ભારતના અર્થતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

**4. ભારતમાં કૃષિક્ષેત્રે વેચાણ વ્યવસ્થા**

ભારતમાં નિયંત્રિત બજારોની શરૂવાત ઈ.સ1897થી થઈ હતી . ભારતીય મધ્યસ્થ કપાસ સમિતિ (ICCC 1918)અને ખેતીવાડી શાહીપંચ 1928)માં કરેલી ભલામણોને પરિણામે કેટલાક પ્રાંતો અને વિસ્તારો માં નિયત્રિત બજાર અંગેના કાયદાઓ અમલમાં આવ્યા હતા. રાજયો પુનઃગોઠવણી પહેલા 9 રાજયોએ નિયત્રિત બજારો શરુ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વર્ષ 1974 સુધી માં ભારતના 18 રાજયોમાં અને 4 કેન્દ્રશાસિત વિસ્તારોમાં કૃષિ પેદાશ નિયત્રણ ધારો (agricultural produce marketing regulation act) અમલમાં હતો . વર્ષ 1974 પછી નિયત્રિત બજારોની સંખ્યામાં ઝડપી વધારો થયો છે . તેથી સૌથી વધારે પ્ર્ત્યેક્ષ અસર એ થઈ છે કે ખેડૂતોને ઉત્પાદન વૃદ્ધિ માટે પ્રોત્સાહન મળ્યું છે. ખેતપેદાશના ખરીદ- વેચાણમાં જે ગેરરીતિઓ આચરવામાં આવતી હતી.ખેડૂતોએ ઉત્પાદનની વ્યવસ્થા સાથે સાથે વેચાણ વ્યવસ્થા પણ કરવાની હોય છે . ઉત્પાદિત પેદાસના વેચાણમાંથી વધુ આવક મેળવવાની હોય છે .તો ખેડૂતોએ વેચાણ વ્યવસ્થામાં બુદ્ધિપૂર્વકના નિર્ણયો લેવાના હોય છે .ખેડૂત ઉત્પાદન કરવામાં નિપુણ હોય છે .છતાં તેમની આવક માં વધારો થતો નથી .ઘણી વખત બજારમાં મોટા પ્રમાણમા ઉત્પાદનનો જથ્થો આવી જતા પુરવઠો વધી જાય છે તેથી બજાર ભાવ નીચા થઇ જાય છે. તેથી ખેડૂત એ વેચાણ વ્યવસ્થાની ખામી અને મુશ્કેલીઓનો સામનો કરે છે . ફેડરિક બેન્ડમ મતે બજારનો અર્થબજાર એક એવો વિસ્તાર છે કે જ્યાં ખરીદનાર પ્રત્યક્ષ અથવા પોતાના પ્રતિનિધિ દવારા એકબીજાના સંપર્ક રહે છે . તેથી બજારના એક ભાગમાં પ્રવર્તી કિમતની અસર બજારના બીજા ભાગો પર પડે છે. **પ્રો.** કુનોટે ના બજાર એટલે "એક એવી પરિસ્થતિ કે જેમાં ખરીદનાર અને વેચનાર પ્રતયક્ષ તેમજ પરોક્ષ એવા સંપર્કમાં આવે છે. કે

તેના પરિણામે સરખી વસ્તુઓની કિમત ઝડપી અને સરળ રીતે સરખી થવાનું વલણ ધરાવે છે. આ રીતે બજારમાં ખરીદનાર અને વેચનારની હાજરી ,તેમની વચચે સંપર્ક, વસ્તુઓની ખરીદવા તેમજ વેચવાની તેયાર દર્શાવામાં આવે છે. કૃષિક્ષેત્રે માં બજાર નું મહત્વ ઘણું રહેલું છે. ખાસ કરીને જે દેશના અર્થતંત્રમાં ખેતીક્ષેત્રેનું પ્રમાણ વધારે છે દેશમાં હાલ 2428 મુખ્ય યાર્ડ છે ,અને 5129 પેટા યાર્ડ સાથે કુલ 7557 નિયંત્રિત બજાર કાર્યરત છે .ગુજરાત કૃષિ ઉત્પન વેચાણ અધિનિયમ 1963 ,અમલ માં હતો. આ અધિનિયમ નો મુખ્ય ઉદેશ ખેડૂતોને ઉતમ વેચાણ વ્યવસ્થા પૂરી પાડવાનો છે હાલ ગુજરાતમાં તમામ તાલુકાઓમાં નિયત્રિત કૃષિ બજારો છે. જેમાં 198 મુખ્ય યાર્ડ અને 222 સબ યાર્ડનો સમાવેશ થાય છે. જેનું નિયત્રણ 207 બજાર સમિતિઓ દ્વારા થાય છે(.31.03.2009 ના આક્કડા A P M C મહત્વ (agricultural produce market committee)ભારતમાં કૃષિ ઉત્પાદનને વ્યાપારી કરવાનો અને વેચવાનો મધ્યથ સંગઠન છે . આ વિશાળ સંગઠન ખેડૂત અને વ્યાપારીઓ માટે મહત્વપૂર્ણ બાબત છે.APMC એક સ્થળ કૃષિ ઉત્પાદનને માંગ અને વેચાણ માટે એક સ્થળ આગળ થાય છે. APMC પ્રચલિત ખેડૂત ને મોકલે છે. તેમના ઉત્પાદન વેચાણ કરે છે, સરકારી નીતિ દ્વારા આવેલ નિયમોનું પાલન કરે છે. જે ખેડૂત અને વ્યાપારી માટે મહત્વપૂર્ણ છે .તેમ જ આપે કૃષિ ઉત્પદાદને વિવધ બજારો અને વ્યાપારીઓને એક સ્થળ જમા કરી અને વેચી સકે છે.

- <u>સાહિત્ય પરિચય</u>

1)**નાયકમનજોલા(1987)** એ, પોતાના લેખ ''ખેતીવાડી અને ગ્રામીણ ગરીબો'' વિષે જણાવે છે કે વિશ્વમાં ગરીબ લોકો ગ્રામીણ પ્રદેશમાં વસવાટ કરે છે.આફ્રિકાના પ્રદેશોમાં આવા ગરીબો નાના ખેડૂતો છે જયારે એશિયાના દેશોમાં ભૂમિહીન ખેતમજુરો તરીક જોવા મળે છે તેઓ સામાન્ય સમતુલાના મોડલની રજૂઆત કરતા જણાવે છે કે, ખેતીની ઉત્પાદકતા વધારવા માટે શ્રમિકોની માંગમાં વધારો થાય છે શ્રમિકોની માંગમાં વધારો થતા ખેતમજૂરોની સમસ્યા વધે છે હરિયાળી ક્રાંતિના શરૂઆતના વર્ષોમાં ગ્રામીણ ક્ષેત્ર માં વેતનો થોડા વધ્યા પછી પાછા નીચા થયા.પહેલાની સરખામણીમાં ખેતીક્ષ્ત્રે વેતનમાં વધારો થયો તથા રોજગારીનું પ્રમાણ વધ્યું પરંતુ તેની સામે શ્રમિકોની સંખ્યામાં થતા વધારાના દર કરતા આ દર ઘણો નીચો હતો આથી,ખેતીક્ષત્રે ઉપર રહેલું શ્રમિકોનું ભારણ ઘટાડવા માટે કૃષિતર સાહસોના વિકાસ દ્વારા ગ્રામીણ અર્થતંત્રમાં વૈવિધ્ય નીપજાવવું પડશે

2)**Northan, Alwang&Masters.(2003)** એ તેમના લેખ ''Economics of Agriculture Development"માં જણાવે છે કે, વિકાસશીલ દેશોમા ખેતીક્ષેત્રે સ્ત્રી-પુરુષોની ભૂમિકા અલગ અલગ જોવા મળે છે વિકાસશીલ દેશોના ગ્રામીણ વિસ્તારમાં મહિલાઓ બેવડી ભૂમિકા ભજવે છે.જેમ કે,પોતાના ઘરની જવાબદારી લે છે,ભોજન બનવે બાળકો ની સારસંભાળ રાખે ,ખેતરમાં પાની સાચવણીનું, પસુધનની સાચવણીનુ વગેરે કામગીરી કરે છે.

3)**બિહારી.બી (1983)**''બેરોજગારીઉક્ત યાંત્રીકરણ અને ગ્રામીણ સંપતિ'' શિર્ષક હેઠળ સંસોધનનો અભ્યાસ કરવામાં આવ્યો છે જેમાં તેમને જણાવ્યુ કે, ગામડાના વિકાસ માટે વિવિધ કાર્યક્રમો આમ છતાં રોજગારી વધારી શક્યા નથી. ગ્રામીણ વિસ્તારમાં ગરીબીનું પ્રમાણ વધારે છે ગામડામાં ઉધોગના વિકાસની સાથે ખેતી માં અને સાથે બીજા નવા વ્યવસાયનો વિકાસ થાય છે.

**4)શ્રીજોસ(1994)** તેમના પુસ્તકમાં ''farm labour in south india''માં તેઓએ દક્ષિણ ભારતના ખેતમજુરોના જીવનધોરણનો અભ્યાસ કર્યો હતો જે મુજબ ખેતમજુરો ઉપર મોટા પ્રમાણમાં દેવાનું ભારણ જોવા મળે છે, જે કાયમી મજુરી અને વેઠ મજુરીનું નિર્માણ કરે છે મોટાભાગના ખેતમજુરો ગરીબી રેખા નીચે જોવા મળે છે. જેઓને ઓછી સગવડ પૂરી પાડવામાં આવે છે તેઓ માટેના કાયદાનો અમલ સૂરન પાને થયો નથી.

- <u>હેતુઓ</u>

**1)કૃષિક્ષેત્રે વધુ લાભ મળે તે માટે સહાય કરવી.**

આ સંશોધન લેખમાં ખેડૂતને વધુ લોભ મળે તે માટે સહાય કરવી એ કૃષિ વેચાણવ્યવસ્થા નો એક મુખ્ય હેતુ છે. ખેડૂતને તેમના ઉત્પાદન માટે યોગ્ય ભાવ મળે તે માટે સરકાર અને અન્ય સંસ્થાઓ દ્વારા વિવિધ યોજનાઓ શરૂ કરવામાં આવી છે મિનિમમ સપોર્ટ પ્રાઇસ (MSP): સરકાર દ્વારા કૃષિ ઉત્પાદનો માટે મિનિમમ સપોર્ટ પ્રાઇસ (MSP) નક્કી કરવામાં આવે છે, જેથી ખેડૂતને ને તેમના ઉત્પાદન માટે યોગ્ય ભાવ મળે.સરકાર દ્વારા ફસલ બીમા યોજના શરૂ કરવામાં આવી છે, જેથી ખેડૂતને તેમના ઉત્પાદનને નુકસાન થાય તો તેનો વળતર મળે.સરકાર દ્વારા કૃષિ માર્કેટિંગ યોજના શરૂ કરવામાં આવી છે, જેથી ખેડૂતને તેમના ઉત્પાદન માટે યોગ્ય માર્કેટ મળે.સરકાર દ્વારા ઇ-નામ શરૂ કરવામાં આવ્યું છે, જેથી ખેડૂત ને તેમના ઉત્પાદન માટે ઓનલાઇન માર્કેટ મળશે.

**2) કૃષિ ઉત્પાદનની ગુણવતા સુધારવી.**

આ હેતુમાં ખેડૂત જે ખેતીમાં અલગ અલગ પાકોનું ઉત્પાદન કરે છે તેની ગુણવતા સુધારવી જેથી ખેડૂતને પાકના સારા ભાવો મળી રહે.

**3) કૃષિ ઉત્પાદનના માર્કેટિંગમાં સુધારો કરવો.**

આ હેતુમાં કૃષિને લગતા બજારતંત્ર સાથે જોડયેલ વેચાણ વ્યવસ્થામાં સુધારા કરવા જેથી ખેડૂતને તેમના વેચાણના યોગ્ય બજાર મળી રહે.

**4) કૃષિક્ષેત્રે રોકાણમાં વધારો કરવો.**

આ ઉદેશમાં કૃષિ રોકાણમાં વધારો થાવથી કૃષિ ઉત્પાદનમાં વધારો થશે અને કૃષિક્ષેત્રેની નિકાસોમાં વધારો થાય જેથી વિદેશી હુંડીયામણ પ્રાપ્ત થશે.

- **માહિતી એકત્રીકરણ**:

આ સંશોધન લેખમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેમાં પુસ્તકો,લેખો, ઈન્ટરનેટ,રીસર્ચ પપેર વગેરે જેમાં ભારતમાં ૨૦૪૭ સુધીભારતમાં કૃષિક્ષેત્રનું યોગદાન અને કૃષિ વેચાણવ્યવસ્થા અંગે માહિતી આપવામાં આવી છે.

- **સંશોધન પધ્ધતિઓના મુખ્ય અંગો:**

1. સંશોધન માટે મલ્ટિ) ડિસિપ્લિનરી એપ્રોચ-Multi-Disciplinary Approach): **કૃષિ, અર્થશાસ્ત્ર, ટેક્નોલોજી અને સામાજિક વિજ્ઞાન**:કૃષિ ક્ષેત્રમાં સંશોધનના પરિણામોને પ્રભાવિત કરવા માટે આ અતિ મહત્વપૂર્ણ છેઆમાં ખેડુતો માટે નવિનીકૃત આર્થિક મોડેલો ., ટેકનોલોજી આધારિત સૂચનાઓ, અને સામાજિક પરિસ્થિતિઓનું વિશ્લેષણ માટે જરૂરી છે. **વિશ્વસનીય માહિતી એકત્રિત કરવી**:કૃષિ બજાર અને વેચાણ વ્યવસ્થાની સારી સમજ માટે ખેતરો, પાકોના પ્રકાર, ખેતી માટેની પદ્ધતિઓ, તથા ખેડૂતોની સામાજિક અને આર્થિક સ્થિતિની માહિતી મેળવી.

2.કૃષિ ઊદ્યોગોમાં નવિનીકરણ )Innovation in Agricultural Industries):**ટેક્નોલોજીનો ઉપયોગ**: કૃષિ ક્ષેત્રમાં નવાઈ લાવતી નવી ટેકનોલોજી, જેમ કે એઆઈ, મશીન લર્નિંગ, IoT (ઇન્ટરનેટ ઑફ થિંગ્સ(, બાયોટેકનોલોજી, અને ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને સંશોધન કરવુંઆથી પાકના ઉત્પાદનમાં . વધારો અને વધુ અસરકારક વેચાણ મેકેનિઝમ વિકસાવવાં...

3.પ્રમાણિકતા અને ગુણવત્તા માટે સંશોધન )Quality and Standardization Research): **વિશ્વસનીય અને ગુણવત્તાવાળી ઉત્પાદનો**:વૈશ્વિક બજારોમાં વિતરણ માટે ફળો, શાકભાજી, અનાજ વગેરે માટે ગુણવત્તા અને પ્રમાણિકતા સંબંધિત સંશોધન.**નવું ધોરણ વિકસાવવું**: યુએસ, યુરોપ અને અન્ય મંડીઓ માટે યોગ્ય ધોરણો વિકસાવવી, જેનું પાલન કરવાથી ભારતીય કૃષિ ઉત્પાદન વધેફૂડ સિસ્ટમ્સ માટે વિવિધ પ્રોસેસિંગ અને પેકેજિંગ ટેકનોલોજી-એગ્રી., જેમ કે સ્પષ્ટ અને લવચીક પેકેજિંગ, દૂધ ઉત્પાદનો માટે આરોગ્યપ્રદ મટિરિયલનો ઉપયોગ.કરવો .

4.કૃષિ વેચાણ અને માર્કેટિંગ માટે સંશોધન )Research on Agricultural Marketing and Sales):**પ્રમાણભૂત બજાર સંશોધન**:ખેતીની વિતરણ ચેનલ, બજારના માળખાં, મધ્યસ્થ અને આંતરમુખ્ય બજાર મકાનની રચના માટે સંશોધન.**ડિજિટલ માર્કેટિંગ**:ફાર્મર્સ માટે ડિજિટલ માર્કેટિંગ અને વેચાણ મફત સેવાઓ જેમ કે ઓનલાઇન માર્કેટિંગ પ્લેટફોર્મ અથવા ઈ.હોટલ્સ માટે સંશોધન- **ફાર્મ ટુ ફોર્ક્સ )Farm-to-Fork) મોડેલ**: ખેતીના ઉત્પાદનોના ડાયરેક્ટ વેચાણ મોડેલ છે

5. કૃષિ સત્તાવાર નીતિ અને સંશોધન )Policy and Governance Research in Agriculture):**કૃષિ યોજના અને નીતિ**: વિભિન્ન કૃષિ યોજનાઓ અને નીતિની અસર અને અનુસરણીની સંશોધન. **એગ્રી: ફાઇનાન્સ અને પોલીસી-** ખેડૂતો માટે લોન, સહાય અને પેનલિસ્ટ મકાન માટે સંશોધનતેમજવીમો અને . .ટેકસ પેર્સોની શ્રેષ્ઠ નીતિ **કૃષિ ક્ષેત્રની નીતિમાં સુધારા**: કાયદાઓ અને નીતિઓને સુધારવા.

6. ડેટા એનલિટિક્સ અને માર્કેટ ફોરકાસ્ટિંગ (Data Analytics and Market Forecasting): **ડેટા સેટ્સ અને મોડલિંગ**:કૃષિ પેઢી અને ઉત્પાદકતા માટે વિસ્તારાત્મક ડેટા સેટ અને યાંત્રિક મોડેલિંગ, જે ખેડૂતો માટે વેચાણ અને બજાર પરિપ્રેક્ષ્યમાંથી વિસ્તૃત થતી તક આપે. **બજાર અને ખરીદી પરિપ્રેક્ષ્ય**: એગ્રી-વિશ્વના માર્કેટ ટ્રેન્ડ અને સ્વતંત્ર બજારના મૂલ્યાંકન માટે માન્ય ડેટા અથવા મેથોડોલોજીનો વિકાસ.

7. કૃષિ અને પર્યાવરણ સંશોધન (Agriculture and Environment Research): **સુસ્ત કૃષિ પદ્ધતિઓ**:પર્યાવરણને અનુકૂળ અને સાસ્યતાવાળી ખેતી માટે સંશોધન, જેમ કે ઓર્ગેનિક અને સસ્ટેનેબલ ફાર્મિંગ.**પર્યાવરણીય સંરક્ષણ**:પર્યાવરણીય સ્થિતિનો શ્રેષ્ઠ વપરાશ કરવા માટે ખેતી પદ્ધતિઓનું સંશોધન, જેમ કે જળ સંરક્ષણ, માટીનું વિસંસ્થાન, અને કાટમાળ નિયંત્રણ. **મિત્રતા માટે કૃષિ**: ખેતી માટે પર્યાવરણ પર સામાન્ય અસરોના સંશોધન; જેમ કે, જીવોની ઘણી જાતો, છોડો અને મચ્છર.

8. વિશ્વસ્તરની કૃષિ બજાર અને વાસ્તવિક સમય મોનિટરિંગ (Global Agricultural Markets and Real-Time Monitoring):**વિશ્વ મંડીઓ પર સંશોધન**:અન્ય દેશોમાંના કૃષિ બજાર અને વૈશ્વિક વ્યાપાર સંબંધિત સંશોધન.**કૃષિ માટે વૈશ્વિક મોનિટરિંગ સેન્ટર**:વૈશ્વિક કૃષિ વ્યવસ્થા અને વિક્રેતાની મૂલ્યમાપક સંશોધન માટે ટેકનોલોજી વિકસાવવી.

9. માનવ સંશોધન (Human-Centered Research):**ખેડૂત શક્તિ** (Farmer Power):ખેડૂતોની લાગણીઓ, વિચારો અને મુશ્કેલીઓ પર સંશોધન કરવું. આ માટે સેમિનાર અને ટ્રેઇનિંગ પ્રોગ્રામ્સ.**લઘુ-ખેડુતો માટે નમ્ર સુધારા**:નાના ખેડુતો માટે નાની જમીન ધરાવતાં, નમ્ર વેચાણ મિકેનિઝમ પ્રદાન કરવું.

- ઉપસંહાર:

ભારતમાં ૨૦૪૭ સુધી કૃષિ ક્ષેત્ર અને વેચાણ વ્યવસ્થામાં  મહત્વપૂર્ણ રહેશે. ટેકનોલોજી, માર્કેટિંગ , અને વૈશ્વિક માળખો દ્વારા, કૃષિ બજારને વ્યાપક રીતે મજબૂત બનાવવું, અને ખેડૂતોને સશક્ત બનવા એ દેશના આર્થિક અને સામાજિક ગતિમાં મૈત્રીપૂર્ણ દિશા હશે.કૃષિ ક્ષેત્રમાં નવા -નવાં અને પ્રગતિશીલ પગલાં, તથા અનુકૂળ બજાર તંત્ર, ૨૦૪૭ સુધીમાં ભારતને વૈશ્વિક સ્તરે   શ્રેષ્ઠ સ્થાન પર લઈ જઈ શકાય.

- <u>સંદર્ભ સુચિ</u>


- 1)http:hdl.handle.net/10603/2500095
- 2) http://hdl.handle.net/10603/410651
- 3) http:hdl.handle.net/10603/663408
- 4) E-NAM official website
- 5)https:shodhganga.inflibnet.ac.in/handle/106.3/410651
- 6) News paper